# અંબાજી ખાતે
# મા અંબેના દર્શનાર્થીઓ માટે 'જલિયાણા સદાવ્રત' શરૂ કરાયો

**સેવાકાર્યો અવિરતપણે વર્ષો સુધી ચાલું રાખે એવી મા અંબેને પ્રાર્થના : રાજ્યસભા સાંસદ દિનેશભાઈ અનાવાડીયા : માઇભક્તો માટે નિ:શુલ્ક ભોજન પ્રસાદનો (સદાવ્રત) સેવાયજ્ઞ શરૂ કરી જય જલિયાણ ફાઉન્ડેશને સેવાનો બીડું ઝડપ્યું : કલેકટર આનંદ પટેલ**








પાલનપુર, તા. ૧૪

લાખો શ્રદ્ધાળુઓની પરમ શ્રદ્ધા તેમજ શકિત, ભક્તિ અને આસ્થાના કેન્દ્ર સમાન પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંબિકા ભોજનાલય ખાતે જય જલિયાણ ફાઉન્ડેશન તથા આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંચાલન હેઠળ માઈભકતો માટે વિનામૂલ્ય ભોજન પ્રસાદ (સદાવ્રત) શરૂ કરવામાં આવ્યું છે. જગત જનની મા જગદંબાના દર્શનાર્થે આવતા ભક્તોને સારી સુવિધા મળી રહે તે માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર અને અંબાજી મંદિર ટ્રસ્ટ હંમેશા કટીબધ્ધ રહે છે ત્યારે માં અંબેના દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓ માટે નિ:શુલ્ક ભોજન પ્રસાદ મળી રહે તેવા ઉંડા આશાયથી અંબિકા ભોજનાલય અંબાજી ખાતે જય જલિયાણ ફાઉન્ડેશનના નેજા હેઠળ નિ:શુલ્ક ભોજન સેવાયજ્ઞનનો શુભારંભ કરવામાં આવ્યો છે.

જય જલિયાણા સદાવ્રતના શુભારંભના શુભ પ્રસંગે રાજ્યસભા સાંસદ દિનેશભાઈ અનાવાડીયાએ કલેકટરઆનંદ પટેલની કુશળકાર્ય શૈલીને બિરદાવતા જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં વેક્સિનેશનમાં પ્રથમ ક્રમાંક હાસલ કરવાનો શ્રેય હોય કે પછી અંબાજી મંદિરના કુશળ સેવાકાર્યના વહીવટી જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવી રહ્યાં છે. તેમણે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વિશ્વ પ્રસિધ્ધ માં અંબાનું મંદિર છે અને મા અંબાના દર્શનાર્થીઓ માટે નિ:શુલ્ક ભોજન પ્રસાદનું સેવાકાર્ય શરૂ કરવામાં આવ્યું છે ત્યારે જય જલીયાણ ફાઉન્ડેશન આવા સેવાકાર્ય અવિરતપણે વર્ષો સૂધી ચાલું રાખે એવી મા અંબેને પ્રાર્થના. સાંસદએ જણાવ્યું હતું કે, જલિયાણા ફાઉન્ડેશન અનેક સેવાકાર્યમાં જોડાયેલો છે અને ખૂબ સારા સેવા કાર્ય કરે છે તે જ રીતે માં અંબેના ચરણોમા રહી કાર્ય કરશે. તેમણે કહ્યું હતું કે, આ ભોજન પ્રસાદનો સદાવ્રત સેવાકાર્ય જલીયાણ ફાઉન્ડેશન ખુબ જ સારી રીતે નિભાવશે એવી આશા છે અને જય જલીયાણ ફાઉન્ડેશન આવા સેવાકાર્ય અવિરતપણે વર્ષો સુધી ચાલું રાખે એવી મા અંબેને પ્રાર્થના.

આ પ્રસંગે કલેક્ટર આનંદ પટેલે મા જગદંબાના ચરણોમાં શિષ ઝુકાવી મા અંબેને પ્રાર્થના કરી પૂજા-અર્ચના કરી હતી. જય જલીયાણ સેવાવ્રતના શુભારંભ પ્રસંગે કલેકટરએ જણાવ્યું હતું કે, આજનો પ્રસંગ ખૂબ જ સરસ સર્જાયો છે. ૧૩ વર્ષથી સેવાકાર્યમાં જોડાયેલા જલિયાણા ફાઉન્ડેશને માઈભક્તો માટે નિ:શુલ્ક ભોજન પ્રસાદનો (સદાવ્રત) સેવાયજ્ઞ ચાલુ કરી જલિયાણામ ફાઉન્ડેશને પોતાના યશનું સેવાનું નવુ બીડું ઝડપ્યું છે અને આ ભોજન નહીં પરંતુ મા અંબેનો ભોજન પ્રસાદ છે. જેમાં મા જગદંબાનો પ્રસાદ આ ભોજનમાં ભેળવી અને અન્ન પ્રસાદ સ્વરૂપે દર્શનાર્થીઓને આપવામા શરૂ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, આ સેવાકાર્ય માટે જલિયાણા ફાઉન્ડેશનને ત્રણ મહિના સેવા કાર્યના આપ્યા છે અને દર્શનાર્થીઓ માટે સેવાકાર્યમાં ખરા ઉતરશે તેવી આશા છે અને તે પ્રમાણે આ સેવા કાર્ય અવિરતપણે ચાલુ રાખીશું. તેમણે વધું અપીલ કરતા જણાવ્યું હતું કે, આ ભોજનાલય પર એક બારી ખોલવામાં આવશે અને જેમાં દર્શનાર્થીઓ દાન કરી સેવાકાર્યમા ભાગીદાર થવું હોય તે થઈ શકશે જેમાં મુઠ્ઠી ઘઉં પણ સ્વીકારવામાં આવશે. તેમણે જલિયાણ ફાઉન્ડેશન વિશે કહ્યું કે, તમારી પર સેવાકાર્ય જેટલી મોટી જવાબદારી છે તેટલાં જ મોટા મા જગદંબાના આશીર્વાદ છે.

આ પ્રસંગે અંબાજી મંદિરના મહારાજ ભટ્ટજી મહારાજ, અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર એસ. જે. ચાવડા, જલિયાણા ફાઉન્ડેશનના પ્રમુખ હિતેશભાઈ ઠક્કર, ઉપપ્રમુખ મુકુંદભાઈ તેમજ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જલિયાણા ફાઉન્ડેશન સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# અરવલ્લી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ પ્લસના મકાનો મંજૂર પણ ગ્રાન્ટનાં ઠેકાણાં નથી

**આવાસ પ્લસની ગ્રાન્ટ ક્યાં અટકી..?? લાભાર્થીઓમાં ચર્ચાતો સવાલ**

બાયડ (બ્યુરોઓફિસ) તા.૧૪

અરવલ્લી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ પ્લસના લાભાર્થીઓના મકાનોને મંજૂરી આપવામાં આવી છે પરંતુ છેલ્લા કેટલાય સમયથી ગ્રાન્ટનાં કોઈ ઠેકાણાં ન હોવાથી લાભાર્થીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. અન્ય જિલ્લામાં આવાસ પ્લસ યોજનાની ગ્રાન્ટ ફાળવવામાં આવી પરંતુ નવરચિત જિલ્લામાં ગ્રાન્ટ ક્યાં અટકી છે તે સવાલ લાભાર્થીઓને સતાવી રહ્યો છે. યોજના અંતર્ગત લાભાર્થીને રૂા.૧,૨૦,૦૦૦ સહાય અને રૂા.૧૭,૦૦૦ મજૂરી સાથે પ્રધાનમંત્રી આવાસ પ્લસનું કામ પૂર્ણ કરવાનું થતું હોય છે પરંતુ મહિનાઓથી મંજૂર થયેલ આવાસ ગ્રાન્ટના અભાવે રઝળ્યાં હોવાની વિગતો સામે આવી છે.

સરકારની આવાસ યોજનાઓથી હજારો ઘર વિહોણા પરિવારોને ઘરનું ઘર બનાવવાનું સ્વપ્ન સાકાર થયું છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભાર્થીઓને પૂરતો લાભ મળે તે માટે સરકારના હંમેશ પ્રયાસ રહ્યા છે પરંતુ જિલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સીઓ દ્વારા સરકારની આવાસ યોજનાઓમાં વ્હાલા દવાલાની નીતિ ઉપરાંત ખિસ્સાં ભરવાની ટેવના કારણે આવાસ યોજનાઓ બદનામ થઈ રહી છે. અરવલ્લી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ પ્લસના મકાનો મંજૂર થઈ ગયાં છે પરંતુ છેલ્લા કેટલાય સમયથી ગ્રાન્ટની ફાળવણી થઈ ન હોવાના કારણે લાભાર્થીઓ આવાસનાં કામ શરૂ કરવામાં અસમર્થ બની રહ્યાં છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ઉપરાંત ગ્રામ પંચાયતનોનો સંપર્ક કરતાં તમારૂ મકાન મંજૂર થઈ ગયું છે પરંતુ કોરોનાના કારણે આગળથી કોઈ ગ્રાન્ટ આવી નથી તેવા ગોખેલા જવાબો આપવામાં આવી રહ્યા છે. પ્રધાનમંત્રી આવાસ પ્લસ યોજનાની ગ્રાન્ટ અન્ય જિલ્લાઓમાં ફાળવવામાં આવી છે તો પછી અરવલ્લી જિલ્લાને તેમાંથી કેમ બાકાત રાખવામાં આવ્યો છે..?? તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે.

# ડીસાના ગાયત્રી મંદિરથી ફુવારા સર્કલ સુધીના નવિન ડામર રોડની કામગીરી શરૂ

**એક કરોડના ખર્ચે બનનાર રોડથી રાહદારીઓ, વેપારીઓ અને વાહન ચાલકોને હાશકારો**





ડીસા, તા. ૧૪

ડીસાના હાર્દ સમાં ગાયત્રી મંદિરથી ફુવારા સર્કલ સુધીનો મુખ્ય રોડ ઘણા સમયથી બિસ્માર હાલતમાં પડેલો હતો જોકે ભૂગર્ભ ગટરની કામગીરી દરમિયાન આ રોડ ખોદી નાખવામાં આવેલો અને મુખ્ય કહી શકાય તેવો રોડ તૂટી જતા રાહદારી અને વાહન ચાલકો ખૂબ જ મુશ્કેલી વેઠી રહ્યાં હતાં. દિવસ દરમિયાન સતત ધૂળ ઉડતા રાહદારીઓ, વેપારીઓ અને વાહનચાલકો આ રોડ ઉપરથી પસાર થવાનું પણ ટાળી રહ્યા હતા જોકે તાજેતરમા નગર પાલિકાના દ્વારા આ રોડનું નિવિનિકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તેના માટે રાજ્ય સરકારમાં રજુઆત કરી તેની દરખાસ્ત પણ મુકવામાં આવી હતી અને તેને મંજુરી પણ મળી જવા પામી હતી. જેથી અંદાજે એક કરોડના ખર્ચે નવિન ડામર રોડ બનાવવાની કામગીરી સોમવારથી શરૂ કરવામાં આવી છે જેને લઈને સ્થાનિક લોકો અને વાહન ચાલકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે નવો ડામર રોડ બનતાં વાહન ચાલકો, વેપારીઓ અને રાહદારીઓને રોજ બરોજ ઉડતી ધુળની ડમરીઓમાંથી છુટકારો મળ્યો છે જોકે છેલ્લા એક મહિનાથી કોન્ટ્રાકટર દ્વારા ગોકળગતિએ રોડની કામગીરી ચાલું હતી જેને લઈને લોકોમાં ભારે આક્રોશ પણ જોવા મળ્યો હતો પરંતુ આખરે ગાયત્રી મંદિર થી ફુવારા સર્કલ સુધી નવિન ડામર રોડ બનાવવાની કામગીરી સોમવારથી શરૂ કરવામાં આવી છે જેના પગલે સ્થાનિક લોકો ભારે માં આનંદ છવાયો હતો.




મહેસાણા જિલ્લાના આઈ.સી.ડી.એસ મહેસાણા ઘટક-૨,ગોઝારીયાના આંગણવાડી કેન્દ્રોની મુલાકાત જિલ્લા પંચાયત મહેસાણાના બાળ સમિતિના ચેરમેન મીનાબેન પટેલે લીઘી હતી.જેમાં આગણવાડીઓમાં ૩ થી ૬ વર્ષના બાળકો માટે બનાવવામાં આવેલ સુખડીની ગુણવત્તા અને જથ્થાની ચકાસણી કરી સંતોષ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત કિશોરી પુર્ણા દિવસની થીમ વેસ્ટમાંથી બેસ્ટની ઉજવણી દરમિયાન બનાવવામાં આવેલ અવનવી વસ્તુઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.આંગણવાડી મુલાકાત પ્રસંગે ઉપસ્થિત રહેલ પદાધિકારીઓ અને અધિકારીઓ દ્વારા કાર્યકર બહેનોની સરાહનીય કામગીરી બદલ પ્રસંશા કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

# સરડોઈ પંથકમાં વિજલાઈનના મેન્ટેનન્સમાં ઉઘરાણાની ફરિયાદ

સરડોઈ, તા.૧૪

મોડાસા તાલુકાના સરડોઈ પંથકમાં ઘરવપરાશના વિજ પુરવઠામાં હમણાંથી રોજના ધાંધિયા વચ્ચે વિજ તંત્રના કેટલાક કર્મચારીઓએ વિજ ફોલ્ટ થયા પછી નડતરરૂપ વૃક્ષનાં ડાળખાં દૂર કરવામાં ગ્રાહકો પાસેથી ઉઘરાણું કર્યાની ફરિયાદ છે. પ્રિ-મોન્સૂન પ્લાન અંતર્ગત વિજ તંત્રના અધિકારીઓ વૃક્ષો દૂર કરવાના બીલ મૂકી રહ્યા છે ત્યાં ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકો પાસેથી વિજ મેન્ટેનન્સના નામે ડાળખાં કાપી કોને ખિસ્સાં ભર્યાં તેની તપાસ થાય તો ગ્રાહકોને ખંખેરવાનો ભ્રષ્ટ કર્મચારીઓનો નવો કીમીયો ઉજાગર થાય તેમ છે.

**નડતર રૂપ વૃક્ષનાં ડાળખાં દૂર કરવામાં ખિસ્સાં ભર્યાની ચર્ચા**

ગામડાઓમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ૨૪ કલાક વિજ પુરવઠો આપવામાં આવતો હોવાની વાતો થઈ રહી છે પરંતુ કેટલાક વિસ્તારોમાં વારેઘડીયે વીજળીની આવજાએ પ્રજાને પરેશાન બનાવી છે. ચોમાસુ નજીક આવતાં વિજ તંત્ર દ્વારા મેન્ટેનન્સની કામગીરી મોટાઉપાડે શરૂ કરવામાં આવી છે. વિજ લાઈનને નડતરરૂપ વૃક્ષો તંત્રના ખર્ચે દૂર કરવાનાં હોય છે પરંતુ મોડાસાના સરડોઈ વિસ્તારમાં વિજ ફોલ્ટ સર્જાયા પછી કલાકો સુધી વીજળી ગાયબ થઈ જતાં કેટલાક વિજ કર્મચારીઓએ વિજ પુરવઠો શરૂ કરવો હોય તો વૃક્ષોનાં ડાળખાં દૂર કરવાં પડશે તેમ કહી સ્થાનિક રહીશો પાસેથી ઘરદીઠ રૂા.૫૦નું ઉઘરાણું કર્યાની ગંભીર ફરિયાદ બહાર આવી છે. ગામડાઓમાં વિજ તંત્ર દ્વારા કાયમી હેલ્પરો મૂકવામાં આવ્યા છે પરંતુ તે શોધ્યા પણ જડતા નથી અને જ્યારે વીજળીની સમસ્યા સર્જાય ત્યારે તંત્રનું ધ્યાન દોરવામાં આવે તો પોતાની ફૂરસદે ટીમો મોકલી સમારકામ કરવામાં આવતું હોય છે. સરડોઈ પંથકમાં નડતર રૂપ વૃક્ષો દૂર કરવામાં ન આવતાં વીજળીના ધાંધિયા કાયમી બની ગયા છે તેમાંય ગ્રાહકોના ખર્ચે વિજ તંત્રના કર્મચારીઓ નડતર રૂપ વૃક્ષો દૂર કરવા લાગતાં આશ્ચર્ય ઉભું થયું છે.

# અરવલ્લીમાં ફીટ ઈન્ડીયા મુવમેન્ટ હેઠળ રાષ્ટ્રીય કક્ષાની ક્વિઝ સ્પર્ધા

**હમ ફીટ તો ઈન્ડીયા ફીટ થીમ પર સ્પર્ધાનું આયોજન**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૪

અરવલ્લી જિલ્લામાં ફીટ ઈન્ડીયા મુવમેન્ટ અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાની પ્રથમ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. હમ ફીટ તો ઈન્ડીયા ફીટના સૂત્રને સાર્થક કરવાના હેતુસર જિલ્લા, તાલુકા, શહેર અને ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનો તંદુરસ્ત અને શસક્ત જીવન શૈલીને પોતાના જીવનનો ભાગ બનાવે તે માટે રાષ્ટ્રીય કક્ષાની ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા દેશભરમાં વ્યક્તિગત તંદુરસ્તીને પ્રોત્સાહન આપવા માટે ફીટ ઈન્ડીયા મુવમેન્ટ ઝૂંબેશ શરૂ કરવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં ફીટ ઈન્ડીયા થીમ પર ફીટનેશ કા ડોઝ આધાઘંટા રોજ હેઠળ રાષ્ટ્રીય કક્ષાની આ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં શાળાઓ અને વિદ્યાર્થીઓ મળી કુલ રૂા.૩.૨૫ કરોડનું રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ચાર રાઉન્ડમાં આ સ્પર્ધા યોજાશે જેમાં શાળા કક્ષાના પ્રથમ રાઉન્ડમાં વિદ્યાર્થીઓની ૧ જુલાઈ થી ૩૧ જુલાઈ-૨૦૨૧ સુધી શાળાઓમાં નોંધણી કરવામાં આવશે. શાળા દીઠ ઓછામાં ઓછા ૨ વિદ્યાર્થીઓને સ્પર્ધામાં જોડવામાં આવશે. રૂા.૨૫૦ સ્પર્ધાની રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે. આ ક્વિઝ સ્પર્ધાના પ્રથમ રાઉન્ડમાં રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી દ્વારા ૧૩ ભાષાઓ પૈકી પસંદ કરેલ કોઈ ભાષામાં ૪ સપ્ટેમ્બર-૨૦૨૧ થી ઓનલાઈન સ્પર્ધા યોજાવવાની છે. ક્વોલીફાઈડ થયેલ શાળાઓમાં ફીટ ઈન્ડીયા મિશન થકી દરેક રાજ્ય, કેન્દ્ર શાસિત કેન્દ્રો દ્વારા ૧ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર-૨૦૨૧ દરમ્યાન સ્પર્ધાનું આયોજન થશે. અંતિમ રાઉન્ડમાં રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશની વિજેતા ટીમો વચ્ચે ૧ નવેમ્બર થી ૧૪ નવેમ્બર-૨૦૨૧ દરમ્યાન સ્પર્ધા યોજાવવાની હોવાનું અરવલ્લી જિલ્લા રમત-ગમત વિભાગ અધિકારી હર્ષાબેન ઠાકોર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જન્મદિને વધામણી



રાકેશકુમાર એન. ભાટીયા
(સી.આર.સી.કો.ઓર્ડીનેટર, આંબલિયારા)
(વ્રજગાર્ડન સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



મહેન્દ્રભાઈ જે. બ્રહ્મભટ્ટ
(પૂર્વ સદસ્ય : બાયડ તાલુકા પંચાયત)
બોરોલ, તા.બાયડ



સંદિપભાઈ એન. પરીખ
(એડવોકેટ)
(ગીરીરાજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



જગદીશભાઈ અંબાલાલ બારોટ
આકરૂન્દ, તા.ધનસુરા



રાજેન્દ્રકુમાર જે. પટેલ
(સંગઠન પ્રમુખ : અરવલ્લી જિલ્લા ભાજપ)
ભેંસાવાડા(મોડાસા)



પંકજકુમાર એસ. પટેલ
(ઉમિયાનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



પ્રિતેષ(લાલી) ધીરૂભાઈ પટેલ
બાયડ, જિ.અરવલ્લી




પ્રવિણભાઈ દેવજીભાઈ પટેલ
(રીલાયન્સ ગેસ એજન્સી)
બાયડ(ગઢકંપા)



ગોપાલભાઈ પટેલ
(સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ)
બાયડ(મોડાસા)



વિનોદભાઈ એ. પટેલ
રામપુરાકંપા, તા.બાયડ



મીનાબેન દિનેશભાઈ પટેલ
બાયડ, જિ.અરવલ્લી



સુધેન્દ્રસિંહ ચાવડા
(પૂર્વ તાલુકા વિકાસ અધિકારી-બાયડ)
ગાંધીનગર



એમ. આર. પટેલ
(નિવૃત્ત પ્રિન્સિપાલ : સરપ્રતાપ હાઈસ્કુલ-ઈડર)
ડેમાઈ(હિંમતનગર)



દિપેન ડાહ્યાભાઈ પટેલ
(સુપરવાઈઝર : સાબરડેરી)
બાયડ, જિ.અરવલ્લી

# અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ તરીકે નિયુક્તિ



સરડોઈ, તા. ૧૪

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન દ્વારા નવા હોદ્દેદારોની નિયુક્તિ જાહેર કરાઈ જેમાં મોડાસા તાલુકાના સરડોઈના યશપાલસિંહ હરીશચંદ્રસિંહ પુંવારની જિલ્લા ભાજપ સંગઠન ઉપપ્રમુખ તરીકે વરણી થતાં સરડોઈ પંથકના ભાજપ કાર્યકરોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.